પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૮ | ૨૯ માર્ચ, ૨૦૧૮, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**કાળીયાર મામલે ૫ એપ્રિલે ફેંસલો**

ફિલ્મ અભિનેતા સલમાન ખાન સામે જોડાયેલ બહુચર્ચિત કાળીયાર શિકાર પ્રકરણમાં ૫મી એપ્રિલે આખરી ફેસલો આવી શકે છે. જોધપુર કોર્ટે ૫ એપ્રિલ સુધી પોતાનો નિર્ણય મુલ્તવી રાખ્યો હતો.

**સોનિયા-મમતા મુલાકાત કરશે**

દિલ્હીની મુલાકાતે આવેલા મમતા બેનર્જીએ ભાજપના બાગી નેતાઓ સાથે મુલાકાત કરી છે. આગામી દિવસોમાં તેઓ સોનિયા ગાંધીને મળી શકે છે.

**દિલ્હીના મેડમ તુસાદ મ્યુઝિયમમાં વિરાટ કોહલી**

ખેલ જગતના દિગ્ગજ ખેલાડીઓની મૂર્તિઓ દિલ્હીના મેડમ તુસાદ મ્યુઝિયમમાં લગાવવામાં આવશે. જેમાં ટીમ ઈન્ડિયા કેપ્ટન વિરાટ કોહલી સામેલ છે.

**દુબઈ સ્થિત ભારતીયને એક મિલિયન ડોલરની લોટરી લાગી**

દુબઈમાં એક ભારતીય નાગરિક રાતોરાત જ કરોડપતિ બની ગયો છે. દુબઈમાં રહેલા ધનિશ કોઠારંબનને એક મિલિયન ડોલરની લોટરી લાગી હતી. ધનિશ દુબઈમાં એક ઈલેક્ટ્રિશિયન તરીકે નોકરી કરે છે. થોડા દિવસ પહેલા રજા પર કેરળ આવતા પહેલા એક લોટરીની ટિકીટ ખરીદી હતી. ઘર પહોંચ્યાના થોડા જ દિવસમાં તેને સમાચાર મળ્યાં હતાં કે તેને એક મિલિયન ડોલરની લોટરી લાગી છે.

# કિમ જોંગ પરમાણુ પ્રસાર રોકવા સહમત

**ચીની પ્રમુખ શી જિંગપિંગની સાથે શિખર મંત્રણા : અનેક મુદ્દા પર ચર્ચા : શાંતિ માટે કામ કરવા રાજી : કિમની સાથે પત્નિ, અન્ય પ્રતિનિધિઓ જોડાયા**



બેજિંગ,તા. ૨૮

ઉત્તર કોરિયાના પ્રમુખ કિંમ જોગ ઉન ચીન પહોંચ્યા છે કે કેમ તેને લઈને ચાલી રહેલી અટકળોનો હવે અંત આવી ગયો છે. કિંમ ચીન પહોંચ્યા હોવાના હેવાલને સમર્થન આપીને ચીને આજે સવારે એમ પણ કહ્યુ હતુ કે કિંમે ચીની પ્રમુખ શિ ઝિંનપિંગ સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી છે. ચીન દ્વારા જોરદાર સ્વાગત પણ કરવામાં આવ્યું છે. ઉત્તર કોરિયાના સરમુખત્યાર કિમજોંગ રવિવારના દિવસે જ ચીન પહોંચી ગયા હતા. કિમે પરમાણુ હથિયારોને ખતમ કરવા અને શાંતિની દિશામાં આગળ વધવાની ઈચ્છા પણ વ્યક્ત કરી છે. આના બદલામાં ચીને ઉત્તર કોરિયાની સાથે સંબંધો વધુ મજબૂત કરવાનું વચન આપ્યું છે. કિમ અને શી જિંગપિંગે હાથ પણ મિલાવ્યા હતા અને આના ફોટા ચીની સમાચાર સંસ્થા દ્વારા જારી કરવામાં આવ્યા છે.બેજિંગની યાત્રા કરીને કિંમે તમામને ચોંકાવી દીધા છે. ચીને એમ પણ કહ્યુ છે કે કિંમ તેમના પરમાણુ હથિયારોને છોડી દેવા માટે પણ તૈયાર છે. સાથે સાથે અમેરિકા સાથે વાતચીત કરવા માટે આશાવાદી બનેલા છે. ચાર દિવસની યાત્રા દરમિયાન કિમે કહ્યુ છે કે કોરિયન દ્વિપને પરમાણુ હથિયારોથી મુક્ત કરી શકાય છે. તેમણે કહ્યુ છે કે જો દક્ષિણ કોરિયા અને અમેરિકા તેમની ભાવના અને

● અનુસંધાન પાન-૭ પર

## કિમ જોંગના પિતા ક્યારેય વિમાનમાં સફર કરતા ન હતા

ઉત્તર કોરિયાના ઈતિહાસમાં ખુબ જ રોચક ગણવામાં આવે છે. ખુબ ઓછા લોકોને આ અંગેની માહિતી છે કે, ઉત્તર કોરિયાના હાલના સરમુખત્યાર કિમ જોંગ ઉનના પિતા કિમ જોંગ ઈલ જ્યારે ઉત્તર કોરિયાના સરમુખત્યાર હતા ત્યારે તેઓ ક્યારે પણ વિમાનમાં યાત્રા કરતા ન હતા. કિમ પણ દેશના વડા બન્યા બાદથી હજુ સુધી વિમાનની યાત્રા કરી નથી. કિમ જોંગ ઈલ પણ જ્યારે ચીનની યાત્રા કરતા હતા ત્યારે તેઓ પરત ફર્યા બાદ જ યાત્રા અંગે માહિતી આપવામાં આવતી હતી. કિમ જોંગ પોતાની અંગત ટ્રેનથી ચીન અને રશિયાની યાત્રા કરતા હતા. કિમ જોંગ ઈલ વિમાન મારફતે વિદેશ યાત્રા કરતા ન હતા. તેમને વિદેશ યાત્રા દરમિયાન તેમને ખતરો રહેતો હતો. તેમના પુત્ર કિમ જોંગે ઉને સ્વિત્ઝર્લેન્ડમાં અભ્યાસ કર્યો છે અને અનેક વખત વિમાનમાં યાત્રા કરી છે. ૨૦૧૧માં પિતાના અવસાન બાદ કિમ જોંગ ઉને સત્તા સંભાળી હતી. ત્યારબાદથી તેઓ દેશમાં જ રહ્યા છે.

# મોદીએ કઠોર પગલા લેવા જાવડેકરને સૂચના આપી

નવીદિલ્હી,તા. ૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સીબીએસઈ પેપર લીકના મામલામાં ગંભીર નોંધ લઈને આજે માનવ સંશાધન વિકાસમંત્રી પ્રકાશ જાવડેકર સાથે વાત કરી હતી. સાથે સાથે આ પ્રકારની પ્રવૃત્તિમાં સામેલ રહેલા લોકો સામે કઠોર કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ સૂચના આપી હતી. આ મુદ્દે વડાપ્રધાને પોતાની નારાજગી પણ વ્યક્ત કરી હતી. મોડેથી પત્રકાર પરિષદને યોજીને માનવ સંશાધન વિકાસમંત્રીએ કહ્યું હતું કે, ગુનેગારોને કોઈ કિંમતે છોડવામાં આવશે નહીં. ભવિષ્યમાં લેવામાં આવનાર આ પ્રકારની પરીક્ષાઓ વેળા કોઈપણ પ્રકારની ગેરરીતિને રોકવા માટે કઠોર વ્યવસ્થા અમલી કરવામાં આવશે. લીકપ્રુફ પરીક્ષાની ખાતરી કરવા આગામી વર્ષથી નેશનલ ટેસ્ટિંગ એજન્સી માટે કેબિનેટે મંજુરી આપી દીધી છે. અત્રે નોંધનીય છે કે, સીબીએસઈમાં ધોરણ ૧૦માં ગણિત અને ધોરણ ૧૨માં ઈકોનોમિક્સના પેપરને ફરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# CBSEમાં ધો.૧૨માં અર્થશાસ્ત્ર, ૧૦માં ગણિતની પરીક્ષા ફરી લેવાશે

**પરીક્ષામાં પેપરો લીક થવા અને ગેરરીતિના આક્ષેપો બાદ નિર્ણય : પરીક્ષાની નવી તારીખોની જાહેરાત એક સપ્તાહમાં જ કરવામાં આવશે અને વેબસાઈટ ઉપર મુકાશે**

નવીદિલ્હી,તા. ૨૮

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (સીબીએસઈ)ના વિદ્યાર્થીઓ માટે મોટા સમાચાર છે. ધોરણ ૧૦માં ગણિત અને ધોરણ ૧૨માં ઈકોનોમિક્સની પરીક્ષા ફરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અલબત્ત આ પરીક્ષા કયા દિવસે લેવામાં આવશે તે અંગેની જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે પરિપત્ર જારી કરીને ફરી પરીક્ષા લેવા અંગેની માહિતી આપવામાં આવી છે. પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, તારીખ અને અન્ય વિગતો સીબીએસઈ બોર્ડની વેબસાઈટ ઉપર મુકીદેવામાં આવશે. ફરી પરીક્ષા લેવાના નિર્ણયના કારણે વિદ્યાર્થીઓમાં ફરી

● અનુસંધાન પાન-૭ પર

# બોલ સાથે ચેડા મામલે સ્મિથ અને વોર્નર પર એક વર્ષનો પ્રતિબંધ

**વોર્નર તેમજ સ્મિથ બે વર્ષ સુધી ઓસ્ટ્રેલિયાની ટીમનું નેતૃત્વ પણ કરી શકશે નહીં : બોલ સાથે ચેડા કરતા ઝડપાયેલો બેનક્રોફ્ટ પર નવ મહિનાનો પ્રતિબંધ**

મેલબોર્ન, તા. ૨૮

બોલ ટેમ્પરિંગ વિવાદમાં ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નરની સામે સજાની



ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ સ્ટિવ સ્મિથ અને ડેવિડ વોર્નરને લઈને અતિકઠોર નિર્ણય કર્યો છે જેના કારણે આ બે ટોપના બેટ્સમેનોની બેટિંગ ક્રિકેટ ચાહકોને થોડાક સમય સુધી જોવા મળશે નહીં. આ વિવાદમાં આખરે જાહેરાત કરી દીધી છે. બંને ઉપર ૧૨ મહિનાનો પ્રતિબંધ લાદી દીધો છે જયારે બેટ્સમેન કેમરુન બેનક્રોફટ ઉપર ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ નવ મહિનાનો પ્રતિબંધ લાદી દીધો છે. વોર્નર અને સ્મિથ આગામી બે વર્ષ સુધી ઓસ્ટ્રેલિયન ટીમનું નેતૃત્વ પણ કરી શકશે નહીં. સ્મિથ આ સસ્પેન્શનના કારણે ઈન્ડિયન પ્રિમિયર લીગ ૨૦૧૮માં રમી શકશે નહીં. વોર્નર પણ રમી શકશે નહીં. સ્મિથે રાજસ્થાન રોયલ્સના કેપ્ટનપદેથી અને વોર્નરે સનરાઈઝ હૈદરાબાદના કેપ્ટનપદેથી રાજીનામુ આપી દીધું છે. દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ન્યુલેન્ડમાં રમાયેલી ટેસ્ટ મેચ દરમિયાન બોલ સાથે ચેડા કરવાનો મામલો સપાટી ઉપર આવ્યો હતો જેના કારણે વિશ્વ ક્રિકેટમાં ખળભળાટ મચી ગયો હતો. કેપટાઉન ટેસ્ટમાં ૨૪મી માર્ચના દિવસે વિશ્વ ક્રિકેટમાં બોલ સાથે

● અનુસંધાન પાન-૭ પર

# હવે પાનકાર્ડને આધાર સાથે ૩૦ જૂન સુધી લિંક કરી શકાશે

ન્યુ દિલ્હી,તા.૨૮

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેકસેજે આધારને પાનકાર્ડ સાથે લિંક કરવાની ડેડલાઈન લંબાવી દીધી છે. હવે ૩૦ જૂન સુધી પાનકાર્ડને આધાર સાથે લિંક કરી શકાશે. પાનકાર્ડ લિંક કરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ હતી, જે બદલીને ૩૦ જૂન કરી દેવાઈ છે.

ટેક્સ ડિપાર્ટમેન્ટની નીતિ નિર્ધારણ સંસ્થા સીબીડીટીએ આ અંગે આદેશ જાહેર કર્યો છે. આ મામલે ચર્ચા વિચારણા બાદ આઈટી રિટર્ન્સ ફાઈલ કરવા માટે પાનકાર્ડ અને આધાર લિંકની ડેડલાઈન વધારી દીધી છે. અત્યાર સુધી ૧૬ કરોડ ૬૫ લાખ પાન કાર્ડ આધાર સાથે લિંક થયા છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લે આ ડેડલાઈન ૩૧ માર્ચ સુધી કરાઈ હતી.




# ભાજપ માટે વર્ષ ૨૦૧૯ સુધી મોદી લહેર રાખવી પડકારરૂપ

નવી દિલ્હી,તા. ૨૮

વર્ષ ૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે વર્ષ ૨૦૧૯ સુધી મોદી લહેર જાળવી રાખવા માટેની બાબત ભાજપ માટે પડકારરૂપ છે. કારણ કે કેટલાક નકારાત્મક પાસા પણ ઉમેરાઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે વર્ષ ૨૦૧૪ બાદથી અવિરત જીત મેળવી છે. એક પછી એક રાજ્યોમાં શાનદાર ચૂંટણી જીત ભાજપે મેળવી છે. કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો પાસેથી સત્તા આંચકી લીધી છે. આજે મોદી લહેરના કારણે જ દેશના મોટા ભાગના રાજ્યોમાં ભાજપનુ શાસન છે. નોર્થ ઈસ્ટમાં પણ ભાજપે ડંકો વગાડ્યો છે. મણિપુર અને ત્રિપુરામાં હાલમાં પાર્ટીની શાનદાર જીત થઈ હતી.જો કે યુપીમાં હાલમાં યોજાયેલી લોકસભાની બે બેઠકોની પેટાચૂંટણીમાં તેની હાર થઈ હતી. જો કે ભાજપે આને ગંભીરતા સાથે લીધી ન હતી. મોદી લહેરને જાળવી રાખવાની બાબત સરળ નથી. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ જોરદાર રીતે દરેક રાજ્યમાં તૈયારીમાં લાગેલા છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બન્યા બાદ શાહે એકપથી એક ચૂંટણી ભાજપને પ્રચંડ બહુમતિ સાથે જીત અપાવી છે. કોંગ્રેસ નક્કર પણે માને છે કે જો કર્ણાટકમાં તેમની પાર્ટીની જીત થશે તો મોદી ફેક્ટર સંપૂર્ણપણે ભાંગી

● અનુસંધાન પાન-૭ પર

**નોર્થઈસ્ટમાં મણિપુર તેમજ ત્રિપુરામાં પણ ભાજપે મોટી જીત હાંસલ કરી : હવે દક્ષિણી રાજ્યો ઉપર નજર કેન્દ્રિત**

